**<u>દિ.પ.અ.નં.૧૮/૨૩ તથા બજવણી અરજી નં. ૧૬/૧૮ ના કામે સ્પષ્ટતા માટેનો આંક–૧ નીચે હુકમ : –</u>**

આ કામે દિ.પ.અ.નં. ૧૮/૨૩ ની નોટીસ કીશોર બામજીના વારસોને કાઢવામા આવતા વિ.વ.શ્રી મોઢા મૌખિક રીતે હાજર થયેલ છે. જેઓએ કોઈ વકીલપત્ર રજુ કરેલ નથી. પરંતુ મૌખિક રજુઆત કરી જણાવેલ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **SPECIAL CIVIL APPLICATION NO. 14451-25 CONVERTED FROM SCA 30299/25 DATED 13-10-25** ના કામે તા.૧૫–૧૦–૨૫ ના રોજ થયેલ હુકમ મુજબ અદાલતે સ્પે. પરચુરણ અરજી નં. ૧૮/૨૩ ની અરજી રીસ્ટોર કરવાનો હુકમ તા.૨૪–૪–૨૬ ના રોજ કરેલ છે. તેમજ અમોને નોટીસ કરેલ છે. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સદર ઓર્ડરમાં નવેસરથી રીસ્ટોર અરજી સાંભળવાનો હુકમ કરેલ હોઈ તે સબંધે કોઈ નોટીસ કાઢવામા આવેલ ન હોઈ તેમજ અમોને જે નોટીસ મળેલ છે, તે નોટીસ સ્પે. દિવાની પરચુરણ અરજી  નં.૧૮/૨૩ ની મળેલ હોઈ ખરેખર મુળ અરજદાર ધ્વારા નવેસરની રીસ્ટોરની અરજી કરવી જોઈએ, તે કરેલ ન હોઈ તે મુજબ કાર્યવાહી રેગ્યુલર કરી રીસ્ટોરની અરજીને પરચુરણ અરજી નંબરે પાડી તે સબંધેની નોટીસ અમોને મોકલી ત્યાર બાદ સાંભળીને યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

જે સબંધે મુળ અરજદારના વિ.વ.શ્રી લાખાણીને પણ સાંભળવામા આવેલ છે. પરંતુ વિ.વ.શ્રી મોઢાની રજુઆતો વજુદવાળી જણાતી હોઈ જે તે સમયે પી.જી.વી.સી.એલ. તરફથી દિ.પ.અ.નં. ૧૮/૨૩ ની અરજી લીમીટેશન એકટ ક. ૫ મુજબ દાખલ કરેલ. જે અરજીની સાથે આંક–૪ થી રીસ્ટોરની અરજી દાખલ કરેલ. જે સબંધે અદાલતે શરતચુકથી લીમીટેશન તથા રીસ્ટોર બંને હુકમો ભેગા કરેલ. જે સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉપરોક્ત કામે લીમીટેશનનો હુકમ ગ્રાહય રાખેલ છે, પરંતુ રીસ્ટોર સબંધે હુકમ કરેલ છે કે, **EXECUTING COURT IS REQUIRED TO REGISTER RESTORATION APPLICATION FILED BELOW EX.4 IN AFORESAID APPLICATION AND DECIDE ON ITS OWN MERIT.**

જેથી આ કામે આંક–૪ ની અરજી સબંધે નોટીસ કરવાની આવશ્યકતા હોઈ આ અદાલતે શરતચુકથી આંક–૧ ની લીમીટેશનની અરજીની સાથે સાથે આંક–૪ ની રીસ્ટોરની અરજીનો પણ હુકમ કરી દીધેલ હોઈ તે હુકમ સબંધે રીસ્ટોરની અરજીની

નોટીસ સામાવાળાઓને કાઢવાનો હુકમ કરવાનો રહેતો હોઈ હાલના તબકકે બજવણી અરજી નં. ૧૬/૧૮ અગાઉ રીસ્ટોર થઈ ગયેલ હોઈ આ તબકકે ફૈંસલ કરવામા આવે છે. તેમજ દિ.પ.અ.નં. ૧૮/૨૩ ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા હુકમ મોડીફાઈડ કરેલ હોઈ આંક–૪ ની અરજીની નોટીસ સામાવાળાઓને કરવાની રહેશે. તે સબંધે બંને પક્ષને સાંભળ્યા બાદ જ સ્પે. બજવણી અરજી નં. ૧૬/૧૮ રીસ્ટોર થઈ શકે તેમ હોઈ આ તબકકે સ્પે. બજવણી અરજી નં. ૧૬/૧૮ ઓ.બી.જે. ફૈંસલ કરવામા આવે છે. ભવિષ્યમાં બંને પક્ષને સાંભળ્યા બાદ હુકમ થશે તે મુજબ અમલવારી કરવાની રહેશે.

આ હુકમની એક નકલ સ્પે. બજવણી અરજી નં. ૧૬/૧૮ ના કામે રાખવાનો રહેશે. તેમજ બજવણી અરજી નં. ૧૬/૧૮ ની અરજી ફૈંસલ થતી હોઈ આ હુકમ અપલોડ કરવાનો રહેશે. દિ.પ.અ.નં. ૧૮/૨૩ ના કામે રજુ થયેલ આંક–૪ ની રીસ્ટોરની અરજીની નકલો રજુ કર્યેથી સામાવાળાઓને આગામી તારીખની નોટીસ કાઢવા હુકમ કરવામા આવે છે. વધુમા પક્ષકારોને ભવિષ્યમાં સમજવામાં સરળતા રહે તે હેતુથી દિ.પ.અ.નં. ૧૮/૨૩ પણ આ હુકમથી ફૈંસલ કરવામા આવે છે. દિ.પ.અ.નં. ૧૮/૨૩ ના કામે રેકર્ડમા આંક–૪ થી જે રીસ્ટોરની અરજી રજુ થયેલ છે, તેની ઝેરોક્ષ દિ.પ.અરજી નં. ૧૮/૨૩ ના કામે રાખવાની રહેશે. તેમજ મુળ અસલ અરજી સબંધે નવુ રેકર્ડ બનાવી તેના નવા દિવાની પરચુરણ અરજી નંબર પાડી તે નવા નંબરની નોટીસ અરજીમા જણાવેલ ઈસમોને કરવાની રહેશે. આમ સમગ્ર ચર્ચા કર્યા મુજબ દિ.પ.અ.નં. ૧૮/૨૩ તથા સ્પે. બજવણી અરજી નં.૧૬/૧૮ બંને ફેસલ કરવામા આવે છે. તેમજ દિ.પ.અ.નં. ૧૮/૨૩ ના કામે આંક–૪ ની અરજી સબંધે નવો દિવાની પરચુરણ અરજી નંબર પાડી તેની નોટીસ કરવા હુકમ કરવામા આવે છે.

આજ તારીખ ૧૨ મે સને ૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | (બી. જે. પટેલ) |
| | | પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, પોરબંદર |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |

**SELF TYPE**